Date - 27-09-2025
Sandesh
Page No - 08

### અમદાવાદ-ગાંધીનગર અપ-ડાઉન કરનારાને રાહત

# કોબા ગામ અને જૂના કોબાના નવા બે મેટ્રો સ્ટેશન ૨૮મીથી શરૂ થશે

। અમદાવાદ ।

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મુસાફરી કરતા લોકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. GMRC દ્વારા ફેઝ-૨ના બે મહત્ત્વપૂર્ણ મેટ્રો સ્ટેશન કોબા ગામ અને જૂના કોબાનું કામ પૂર્ણ થઈ ગયું છે. અમદાવાદ ગાંધીનગર મેટ્રો કોરિડોરમાં જૂના કોબા અને કોબા ગામ મેટ્રો સ્ટેશનો ૨૮મી તારીખથી કાર્યરત થશે. જુના કોબા મેટ્રો સ્ટેશન અને કોબા ગામ મેટ્રો સ્ટેશનથી સચિવાલય, ગિફ્ટ સિટી અને એપીએમસી મેટ્રો સ્ટેશનો તરફ મેટ્રોની શરૂઆત થશે. કોબા ગામ મેટ્રો સ્ટેશનથી સચિવાલય તરફ જતી પહેલી મેટ્રો ટ્રેન સવારે ૮.૩૨ કલાકે જશે. આ સાથે કોબા ગામ મેટ્રોથી એપીએમસી સ્ટેશન તરફ જતી ૮.૦૪ કલાકે જશે. કોબાથી ગિફ્ટ સિટી તરફ ૭.૪૦ કલાકે જશે. ટિકિટ બારી સવારે ૭.૪૦ કલાકે શરૂ થશે .છેલ્લી ટ્રેનના સમયની વાત કરીએ તો, કોબા ગામ મેટ્રો સ્ટેશનથી સચિવાલય તરફ જતી પહેલી મેટ્રો ટ્રેન ૧૯.૪૫ કલાકે જશે. આ સાથે કોબા ગામ મેટ્રોથી એપીએમસી સ્ટેશન તરફ જતી ૨૦.૦૭ કલાકે જશે. જૂના કોબા ગામ મેટ્રો સ્ટેશનથી સચિવાલય તરફ જતી પહેલી મેટ્રો ટ્રેન સવારે ૮.૨૯ કલાકે જશે. જૂના કોબાથી ગિફ્ટ સિટી તરફ ૭.૩૮ કલાકે જશે. ટિકિટ બારી સવારે ૭.૨૮ કલાકે શરૂ થશે. છેલ્લી ટ્રેનના સમયની વાત કરીએ તો, જૂના કોબા ગામ મેટ્રો સ્ટેશનથી સચિવાલય તરફ જતી પહેલી મેટ્રો ટ્રેન ૧૯.૪૩ કલાકે જશે. આ સાથે જૂના કોબા ગામ મેટ્રોથી એપીએમસી સ્ટેશન તરફ જતી ૨૦.૧૦ કલાકે જશે. આ સાથે એવી પણ માહિતી છે કે, ડિસેમ્બરના અંત સુધીમાં મેટ્રો ટ્રેન એપીએમસીથી સીધી અક્ષરધામ અને મહાત્મા મંદિર સુધી દોડતી થઈ શકે છે.